



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા






માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ વદ બીજ ગુરુવાર ૨ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૧૩

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦


# વોટ્સએપના ‘યુઝરનેમ’ ફીચર પર સરકારની બ્રેક

**સરકારે** મેટાને નોટિસ ફટકારી આ ફીચરને ભારતમાં અત્યારે લોન્ચ કરવાની મનાઈ ફરમાવી

**3 દિવસમાં** જવાબ માગ્યો, સરકાર આ ફીચરના રોલઆઉટ પર કાયમી રોક પણ લગાવી શકે

**નંબર** વગર ચેટિંગના આ ફીચરથી સરકારી એજન્સીઓ અને જાણીતી હસ્તીઓના નામે ફ્રોડ થવાની સાયબર નિષ્ણાતોએ પણ વ્યક્ત કરી ચિંતા

## વોટ્સએપે ફીચરની સુરક્ષા વિશે નિવેદન આપ્યું

વિવાદ વચ્ચે વોટ્સએપના પ્રવક્તાએ સત્તાવાર નિવેદન જાહેર કરીને આ ફીચરની સુરક્ષા વિશે વિગતો આપી છે. વોટ્સએપે જણાવ્યું કે ખોટી ઓળખ અટકાવવા માટે પ્રખ્યાત હસ્તીઓ, સરકારી સંસ્થાઓ, સેલિબ્રિટીઝ અને વેરિફાઇડ મેટા એકાઉન્ટ્સના નામ અગાઉથી જ સુરક્ષિત (બ્લોક) કરી દેવાયા છે. જેથી કોઈ અન્ય વ્યક્તિ તે નામ મેળવી શકશે નહીં. તેમજ તેને મળતા આવતા નામો પર પણ રોક લગાવાશે. યુઝરનેમ બનાવવા છતાં પણ વોટ્સએપ વાપરવા માટે ફોન નંબર હોવો તો ફરજિયાત જ રહેશે. જો કોઈ નવી વ્યક્તિએ તમને મેસેજ કરવો હશે, તો તેને તમારું બિલકુલ સાચું અને ચોક્કસ યુઝરનેમ ખબર હોવી જરૂરી છે. માત્ર અંદાજો લગાવીને કોઈના યુઝરનેમ સર્ચ કરવાના વારંવારના પ્રયાસોને સિસ્ટમ બ્લોક કરી દેશે. કોઈ એક એકાઉન્ટ પરથી કેટલા નવા લોકોને મેસેજ કરી શકાય, તેની સંખ્યા પણ કંપની મર્યાદિત કરશે. જ્યારે કોઈ અજાણી વ્યક્તિ તમારા યુઝરનેમ પર પહેલીવાર મેસેજ કરશે, ત્યારે વોટ્સએપ તમને બતાવશે કે આ એકાઉન્ટ તદ્દન નવું છે કે જૂનું? તે તમારા કોઈ કોન્ટેક્ટમાં છે કે નહીં? તમારી વચ્ચે કોઈ કોમન ગ્રુપ છે કે નહીં? અથવા તે કોઈ બીજા દેશનું એકાઉન્ટ છે? આ બધું જોયા પછી જ યુઝર જવાબ આપવો કે નહીં તે નક્કી કરી શકશે.

## સાયબર નિષ્ણાતોની ચિંતા

ભારતમાં વોટ્સએપના આશરે 50 કરોડ યુઝર્સ છે. પેટીએમ (Paytm)ના સ્થાપક વિજય શેખર શર્મા સહિત દેશના અનેક સ્ટાર્ટઅપ સ્થાપકો અને સાયબર સુરક્ષા નિષ્ણાતોએ પણ સોશિયલ મીડિયા પર આ ફીચર સામે ચિંતા વ્યક્ત કરી છે. નિષ્ણાતોનું માનવું છે કે બ્રાન્ડ્સ અથવા સંસ્થાઓના નામે નકલી યુઝરનેમ બનાવીને ફ્રોડ કરનારાઓ સરળતાથી લોકોને શિકાર બનાવી શકશે. પેટીએમના વિજય શેખર શર્મા ઉપરાંત, ડેટિંગ એપ્લિકેશન ‘KnotDating’ના કો-ફાઉન્ડર અને સીઈઓ જસવીર સિંહે પણ આ ફીચર સામે સવાલ ઉઠાવતા કહ્યું છે કે પ્લેટફોર્મ યુઝર પ્રાઇવસી અને જવાબદારી વચ્ચે કઈ રીતે સંતુલન જાળવશે?

**નવી દિલ્હી, તા. 1 (PTI):** સરકાર વોટ્સએપના આગામી ‘યુઝરનેમ’ ફીચરની કાયદાકીય જોગવાઈઓની ચકાસણી કરી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વિવાદીત ફીચરને લીધે ખોટી ઓળખ આપવાની અને ફ્રોડ થવાની આશંકાઓને કારણે સરકાર વોટ્સએપને નોટિસ મોકલીને આ અંગે સંપૂર્ણ વિગતો 3 દિવસમાં માગી છે.

સરકારે મેટાને કડક ચેતવણી આપી છે કે જ્યાં સુધી આ વિવાદિત ફીચર અંગેની તમામ ચર્ચાઓ પૂરી ન થાય, ત્યાં સુધી ભારતમાં આ ફીચર લોન્ચ કરવું નહીં. નોટિસમાં સરકારે પૂછ્યું છે કે સાયબર ક્રાઈમ વધારી શકે તેવા આ ફીચર બદલ તેમની સામે કાયદાકીય પગલાં કેમ ન લેવા જોઈએ? સરકારે ચિંતા વ્યક્ત કરી છે કે આ ફીચરથી ‘ડિજિટલ અરેસ્ટ સ્કેમ’ અને ફિશિંગ જેવા ઓનલાઈન ફ્રોડના કિસ્સાઓમાં વધારો થઈ શકે છે.

એક સરકારી અધિકારીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, ‘જ્યાં સુધી તેઓ (વોટ્સએપ) સરકારને ખાતરી આપીને સંતોષ ન કરે, ત્યાં સુધી તેઓ આ ફીચરમાં આગળ વધી શકશે નહીં.’

વોટ્સએપે તાજેતરમાં જ જાહેરાત કરી હતી કે યુઝર્સ ફોન નંબર શેર કર્યા વિના વાતચીત કરી શકે તે માટે ‘યુઝરનેમ’ ફીચર લાવવામાં આવી રહ્યું છે અને તેના માટે પ્રારંભિક રિઝર્વેશન પણ શરૂ કરી દેવાયું છે. કંપની તેને પ્રાઇવસી ટૂલ ગણાવી રહી છે. જોકે, સરકારી સૂત્રોનું કહેવું છે કે આ ફીચરનો દુરુપયોગ કરીને ઠગો સરકારી એજન્સીઓ, સંસ્થાઓ કે જાણીતી વ્યક્તિઓ જેવા જ મળતા આવતા નામો (યુઝરનેમ) રાખીને લોકો સાથે છેતરપિંડી કરી શકે છે, જે જાહેર સુરક્ષા માટે મોટો ખતરો છે.

નોંધનીય છે કે, મેટા દ્વારા ભારતીય ફિનટેક કંપની CREDમાં 8,550 કરોડ રૂપિયાના રોકાણ બાદ, તેના સ્થાપક કુણાલ શાહને તાજેતરમાં જ વોટ્સએપના નવા ગ્લોબલ હેડ બનાવવામાં આવ્યા છે.

# દેશના અનેક રાજ્યોમાં ચોમાસાનો પ્રકોપ, કર્ણાટક અને હિમાચલમાં 7નાં મોત

**મુંબઈ**-થાણે સહિતના વિસ્તારો પાણીમાં ગરકાવ, પાલઘરમાં શાળાઓ બંધ, મહારાષ્ટ્રમાં રેડ એલર્ટ

**પંજાબ**-હરિયાણામાં વરસાદથી ગરમીમાં મળી રાહત, અરુણાચલ પ્રદેશમાં છેલ્લા સાત દિવસમાં 4નાં મોત, ઉત્તર પ્રદેશમાં વીજળી પડવાની ઘટનામાં બેનાં મોત થયાં



■ જમ્મુ-કાશ્મીરના પહાડી જિલ્લા ડોડાના ગંદોહ વિસ્તારમાં કુદરતે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. અહીં તીવ્ર વેગ સાથે પડેલા ભારે વરસાદને કારણે અચાનક પૂરની સ્થિતિ સર્જાઈ છે. પૂરના જોરદાર પ્રવાહની સાથે પહાડો પરથી મોટા પ્રમાણમાં કાટમાળ, પથ્થરો અને ભીની માટીનો કાદવ નીચે વહી આવ્યો છે.

**નવી દિલ્હી, તા. 1 (PTI):** દેશના અનેક ભાગોમાં ચોમાસાના વરસાદે ભારે તબાહી મચાવી છે. બુધવારે કર્ણાટક અને હિમાચલ પ્રદેશમાં ભૂસ્ખલન અને વરસાદી દુર્ઘટનાઓમાં સાત લોકોનાં મોત થયાં છે, જ્યારે અનેક રાજ્યોમાં પૂર, ભૂસ્ખલન અને રસ્તાઓ બંધ થવાને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. હવામાન વિભાગે (IMD) આગામી દિવસોમાં દેશના વિવિધ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.

કર્ણાટકના મેંગલુરુમાં ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનમાં એક ઘર કાટમાળ નીચે દબાઈ જતાં બે બાળકીઓ સહિત પરિવારના ત્રણ સભ્યોનાં મોત થયાં હતાં. હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં પહાડ પરથી પથ્થર પડતાં એક મહિલાએ જીવ ગુમાવ્યો હતો. જ્યારે કાંગડા જિલ્લામાં ચોમાસાના પહેલા જ દિવસે વીજળીનો કરંટ લાગવાથી એક અને ઊંચાઈ પરથી પડી જવાથી એક વ્યક્તિ સહિત કુલ ત્રણ લોકોના મોત નોંધાયા છે.

હિમાચલમાં ભારે વરસાદને કારણે 35થી વધુ રસ્તાઓ બંધ થઈ ગયા છે અને નદીઓના જળસ્તરમાં વધારો થયો છે. હવામાન વિભાગે રાજ્યમાં 2થી 6

...અનુસંધાન પાના 11 પર

## દિલ્હી ડાયરી

### મોદી કેબિનેટમાં ફેરબદલની અટકળો

મોદી સરકાર ૩.૦એ કાર્યાલયમાં પોતાના બે વર્ષનો રેકોર્ડ પૂરો કર્યો છે. ફરી એકવાર અફવાઓનું બજાર ગરમ થઈ રહ્યું છે કે, આગામી દિવસોમાં અથવા સંસદના ચોમાસુ સત્રની આસપાસ મોદી કેબિનેટમાં કેટલાક નવા ચહેરાઓ જોવા મળી શકે છે. જો દિલ્હીના રાજકીય વર્તુળોમાં ચાલતી ચર્ચાઓને ધ્યાનથી સાંભળીએ તો કેબિનેટમાં બે મોટા ફેરફારોના સંકેતો મળી રહ્યા છે. આગામી નાણામંત્રી તરીકે જે એક નામની ખૂબ ચર્ચા થઈ રહી છે, તે ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ)ના ભૂતપૂર્વ ગવર્નર શક્તિકાંત દાસનું છે. એ વાત સર્વવિદિત છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી વ્યક્તિગત રીતે દાસને ખૂબ પસંદ કરે છે. વડા પ્રધાનના મુખ્ય સચિવ પ્રમોદ કુમાર મિશ્રા દાસના નામને આગળ વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. શક્તિકાંત દાસ હાલમાં વડા પ્રધાન કાર્યાલય (પીએમઓ)માં મુખ્ય સચિવ ૨ તરીકે સેવા આપી રહ્યા છે. આ અગાઉ, તેઓ ૧૫મા નાણા પંચના સભ્ય તરીકે અને નવેમ્બર ૨૦૧૭થી ડિસેમ્બર ૨૦૧૮ સુધી

...અનુસંધાન પાના 11 પર

# કોમર્શિયલ LPG બાટલો રૂપિયા 183.50 સસ્તો થયો

**ઘરેલુ** એલપીજી સિલિન્ડરના ભાવ યથાવત, એટીએફના ભાવમાં લિટરે રૂ.5નો ઘટાડો

**ખાનગી** કંપની નાયરાએ પેટ્રોલમાં રૂ. 5 અને ડીઝલમાં રૂ. 3 ઘટાડ્યા

**નવી દિલ્હી, તા. 1 (PTI):** પશ્ચિમ એશિયામાં તણાવ ઓછો થતાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ઘટ્યા છે, જેના પગલે ભારતમાં 1 જુલાઈ, બુધવારથી વિમાન ઈંધણ (એટીએફ) અને કોમર્શિયલ રાંધણગેસ (LPG)ના ભાવમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, ખાનગી ક્ષેત્રની ઈંધણ રિટેલર કંપની નાયરા એનર્જીએ પણ પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટાડ્યા છે, જે છેલ્લા બે વર્ષથી વધુ સમયમાં પંપ પર ભાવ ઘટાડનારી દેશની પ્રથમ રિટેલર કંપની બની છે.

ઉદ્યોગના સૂત્રોના જણાવ્યા અનુસાર, વિમાન ઈંધણ (ATF)ના ભાવમાં પ્રતિ લીટર આશરે 5 રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે, જેનાથી દિલ્હીમાં તેનો ભાવ ઘટીને આશરે 110 રૂપિયા પ્રતિ લીટર થઈ ગયો છે. પશ્ચિમ એશિયાના સંઘર્ષ બાદ ભાવમાં થયેલા વધારા પછી આ પ્રથમ ઘટાડો છે.

આ સાથે જ સરકારી તેલ કંપનીઓએ 19 કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં 183.50 રૂપિયાનો મોટો ઘટાડો કર્યો છે, જે આ વર્ષનો પ્રથમ ઘટાડો છે. આ ઘટાડા બાદ કોમર્શિયલ સિલિન્ડરની કિંમત હવે 2,930 રૂપિયા થશે, જે ગયા મહિને રેકોર્ડ 3,113 રૂપિયા પર પહોંચી ગઈ હતી. આ ઉપરાંત 5 કિલોના ફ્રી ટ્રેડ એલપીજી સિલિન્ડરના ભાવમાં 13 રૂપિયાનો ઘટાડો કરાતા તે 808.50 રૂપિયા થયો છે, જ્યારે 14.2 કિલોના ઘરગથ્થુ સિલિન્ડરનો ભાવ 942 રૂપિયા પર યથાવત રાખવામાં આવ્યો છે.

બીજી બાજુ, નાયરા એનર્જીએ દેશભરમાં તેના 7,000થી વધુ ફ્યુઅલ સ્ટેશનો પર પેટ્રોલના ભાવમાં પ્રતિ લીટર 5 રૂપિયા અને ડીઝલમાં 3 રૂપિયાનો ઘટાડો કર્યો છે. આ કંપનીએ ઈરાન સંઘર્ષ સમયે ગત 26 માર્ચે આ જ પ્રમાણમાં ભાવ વધાર્યા હતા, જે હવે સંપૂર્ણપણે પાછા ખેંચાયા છે. ગુજરાતના વાડિનારમાં 20 મિલિયન ટન વાર્ષિક ક્ષમતાની રિફાઈનરી ધરાવતી નાયરાએ જણાવ્યું કે તે સ્થાનિક માગને પહોંચી વળવા સંપૂર્ણ ક્ષમતા સાથે કામ કરી રહી છે. જોકે, દેશમાં 90 ટકાથી વધુ હિસ્સો ધરાવતી સરકારી કંપનીઓ જેવી કે IOC, BPCL અને HPCLએ ભાવમાં કોઈ ફેરફાર કર્યો નથી. દિલ્હીમાં IOC હજુ પણ પેટ્રોલ 102.12 રૂપિયા અને ડીઝલ 95.20 રૂપિયા પ્રતિ લીટરના ભાવે વેચી રહી છે.

# ભારત અને પાકિસ્તાનના અગ્રણીઓએ મોદી અને શરીફને પત્ર લખ્યો

**પત્રમાં** દ્વિપક્ષીય વાર્તાલાપ ફરી શરૂ કરવા અને સામાન્ય સંબંધો પુન:સ્થાપિત કરવા અપીલ કરાઈ

**ફારૂક** અબ્દુલ્લા, મહેબૂબા મુફ્તી અને પૂર્વ રાજદ્વારીઓ સહિત 100થી વધુ લોકોએ વાઘા બોર્ડરથી વેપાર તેમજ સમઝૌતા એક્સપ્રેસ અને બસ સેવાઓ ફરી શરૂ કરવા કરી માગ

**શ્રીનગર, તા. 1 (PTI):** ભારત અને પાકિસ્તાનના 100થી વધુ અગ્રણી નાગરિકોએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને શહબાઝ શરીફને દ્વિપક્ષીય વાર્તાલાપ ફરી શરૂ કરવા અને સામાન્ય સંબંધો પુનઃસ્થાપિત કરવા અપીલ કરી છે. આ અપીલ કરનારાઓમાં જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રીઓ ફારૂક અબ્દુલ્લા અને મહેબૂબા મુફ્તી પણ સામેલ છે.

સેન્ટર ફોર પીસ એન્ડ પ્રોગ્રેસના ચેરમેન ઓ.પી. શાહ દ્વારા સંકલિત કરાયેલા અને 30 જૂનના રોજ લખાયેલા એક ખુલ્લા પત્રમાં 61 ભારતીયો અને 55 પાકિસ્તાનીઓએ હસ્તાક્ષર કર્યા છે. આ પત્રમાં પૂર્વ રો (RAW) ચીફ એ. એસ. દુલત, રાજ્યસભાના સાંસદ મનોજ ઝા, પૂર્વ કેન્દ્રીય મંત્રી મણિશંકર અય્યર, પાકિસ્તાનના પૂર્વ વિદેશ મંત્રી ખુર્શીદ મહમૂદ કસૂરી અને મધ્યમમાર્ગી અલગતાવાદી નેતા મીરવાઈઝ ઉમર ફારૂક સહિત અનેક નિવૃત્ત રાજદ્વારીઓ સામેલ છે. પત્રમાં ભારપૂર્વક જણાવાયું છે કે દક્ષિણ એશિયામાં શાંતિ અને સહયોગ માટે બંને દેશો વચ્ચે સતત સંવાદ જ એકમાત્ર વ્યવહારુ માર્ગ છે.

તેમણે બંને દેશો વચ્ચે સંપૂર્ણ રાજદ્વારી સંબંધો બહાલ કરવા, હાઈ કમિશનરોની પુનઃનિમણૂક કરવા, સામાન્ય વિઝા સેવાઓ શરૂ કરવા અને જમ્મુ-કાશ્મીર સહિતના તમામ વણઉકેલાયેલા મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા શરૂ કરવાની માગ કરી છે.

આ ઉપરાંત અટારી-વાઘા સરહદ ખોલીને વેપાર ચેનલો શરૂ કરવા, દિલ્હી-લાહોર અને શ્રીનગર-મુઝફ્ફરાબાદ બસ સેવાઓ, સમઝૌતા એક્સપ્રેસ તેમજ થાર એક્સપ્રેસ ટ્રેન સેવાઓ ફરી શરૂ કરવા પણ વિનંતી

...અનુસંધાન પાના 11 પર

# મુંબઈના વરસાદ પર લાગ્યા 20,000 સટ્ટા!

**ભારતના** પ્રથમ ‘વેધર ડેરિવેટિવ’ના ડેબ્યૂથી બજાર આશ્ચર્યચકિત

**મુંબઈ:** તમે અત્યાર સુધી શેરબજારમાં સોના, ચાંદી, ક્રૂડ ઓઈલ કે અનાજના વાયદા (Futures) વેપાર વિશે સાંભળ્યું હશે, પરંતુ હવે ભારતમાં વરસાદના પણ વાયદા શરૂ થઈ ગયા છે! ભારતના અગ્રણી કોમોડિટી એક્સચેન્જ NCDEX પર લોન્ચ કરાયેલા દેશના સૌપ્રથમ રેઈન ફ્યુચર્સ કોન્ટ્રાક્ટ ‘RAINMUMBAI’એ તેના શરૂઆતના મહિનામાં જ ધમાકેદાર પ્રદર્શન કરીને બજારને ચોંકાવી દીધું છે.

**શું છે આ ‘RAINMUMBAI’ કોન્ટ્રાક્ટ અને તે કેવી રીતે કામ કરે છે?**

**વરસાદની આગાહી પર ટ્રેડિંગ:** આ ફ્યુચર્સ પ્રાઈસ (વાયદાના ભાવ) વાસ્તવિક વરસાદની પેટર્નને ટ્રેક કરે છે અને તે મુજબ તેની વધ-ઘટ નક્કી થાય છે.

**વધતી લિક્વિડિટી:** જેમ જેમ ચોમાસું આગળ વધી રહ્યું છે, તેમ તેમ આ કોન્ટ્રાક્ટમાં રોકાણકારોની ભાગીદારી અને લિક્વિડિટી (તરલતા) સતત વધી રહી છે.

**હેજિંગનો નવો વિકલ્પ:** આ કોન્ટ્રાક્ટ માત્ર સટ્ટો રમવા માટે નથી, પરંતુ જે વ્યવસાયોને વરસાદની વધ-ઘટથી આર્થિક નુકસાન થવાનું જોખમ રહેતું હોય (જેમ કે લોજિસ્ટિક્સ, કન્સ્ટ્રક્શન, કે એગ્રીકલ્ચર કંપનીઓ), તેઓ આના દ્વારા પોતાના નાણાકીય જોખમને હેજ (સુરક્ષિત) કરી શકે છે.

**બજારના નિષ્ણાતો શું માને છે?**

NCDEX ના આ અનોખા પ્રયોગના પ્રથમ મહિનાના ડેટા દર્શાવે છે કે ભારતીય બજાર હવે ગ્લોબલ માર્કેટ્સની જેમ જ જટિલ અને આધુનિક ફાઈનાન્સિયલ પ્રોડક્ટ્સ અપનાવવા માટે તૈયાર થઈ

...અનુસંધાન પાના 11 પર

# GST કલેક્શન 1.95 લાખ કરોડે પહોંચ્યું, 13 મહિનાની સૌથી ઝડપી તેજી!

**આયાત** અને સ્થાનિક વેચાણમાં તેજીથી ટેક્સ વસૂલાતમાં વધારો થયો, દેશમાં જીએસટીના 9 વર્ષ પૂર્ણ થયા

**નિષ્ણાતોના** મતે પશ્ચિમ એશિયામાં તણાવ છતાં જીએસટી કલેક્શનના આ આંકડા દેશની આર્થિક મજબૂતી દર્શાવે છે

**નવી દિલ્હી, તા. 1 (PTI):** દેશમાં ટેક્સ કલેક્શનના મોરચે સરકારે વધુ એક મોટી સિદ્ધિ હાસલ કરી છે. સ્થાનિક સપ્લાય અને આયાતમાં જોરદાર વધારાને કારણે જૂન મહિનામાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) કલેક્શન વાર્ષિક ધોરણે 13.9 ટકા વધીને 1.95 લાખ કરોડની સપાટીએ પહોંચી ગયું છે.

આ તેજી મે 2025 (જ્યારે 16.4%નો ગ્રોથ હતો) પછીનો સૌથી મજબૂત વાર્ષિક ઉછાળો છે. આ ઐતિહાસિક આંકડા સાથે જ 1 જુલાઈ, 2017ના રોજ દેશમાં લાગુ થયેલા જીએસટી કાયદાએ પોતાના સફળ 9 વર્ષ પૂર્ણ કર્યા છે.

મે 2026માં ગ્રોસ જીએસટી કલેક્શન 1.94 લાખ કરોડ રૂપિયાથી વધુ અને જૂન 2025માં 1.71 લાખ કરોડ રૂપિયા હતું. આ મહિના સાથે જ 1 જુલાઈ, 2017ના રોજ લાગુ કરાયેલા જીએસટી કાયદાએ તેના સફળ 9 વર્ષ પૂર્ણ કર્યા છે.

આંકડા દર્શાવે છે કે જૂન મહિનામાં સ્થાનિક વ્યવહારોમાંથી ગ્રોસ કલેક્શન 6.5 ટકા વધીને આશરે 1.35 લાખ કરોડ રૂપિયા થયું છે. જેમાં સેન્ટ્રલ જીએસટી (CGST)ના 37,376 કરોડ રૂપિયા, સ્ટેટ જીએસટી (SGST)ના 45,116 કરોડ રૂપિયા અને ઈન્ટિગ્રેટેડ જીએસટી (IGST)ના 52,282 કરોડ રૂપિયા સામેલ છે. સૌથી મોટો ઉછાળો આયાતના જીએસટી કલેક્શનમાં જોવા મળ્યો છે, જે 34.6 ટકા વધીને 60,038 કરોડ રૂપિયા થયો છે.

આ દરમિયાન કુલ રિફંડ પણ 29.1 ટકા વધીને 32,436 કરોડ રૂપિયા નોંધાયું છે, જેને બાદ કરતાં નેટ જીએસટી કલેક્શન 11.2 ટકા વધીને 1.62 લાખ કરોડ રૂપિયાથી

...અનુસંધાન પાના 11 પર

## તા. ૦૧-૦૭-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | ૦.૨ મીમી | ૦.૨ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૫.૮ સે. | ૨૮.૪સે. | ૫૫% |